R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 22•ISSUE: 17 DATE: 28-04-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાંનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## સરકારના હસ્તક્ષેપ સામે સુપ્રીમના સિનિયર જજોની નારાજગી સાથે સુપ્રીમ કોર્ટમાં સબ સલામત નથી

ભારતના મુખ્ય ન્યાયાધીશ દિપક મિશ્રા સામે મહાભિયોગનો પ્રસ્તાવ ચલાવવા માટે સાત વિરોધપક્ષોએ નોટિસ આપ્યાના બે દિવસ પછી સુપ્રીમ કોર્ટના બે વરિષ્ઠ ન્યાયાધીશો જસ્ટીસ રંજન ગોગોઇ અને જસ્ટીસ મદન લોકુરે ચીફ જસ્ટીસને પત્ર લખીને સુપ્રીમ કોર્ટના ભાવી અને સંસ્થાગત મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે ફુલ કોર્ટ એટલે કે સુપ્રીમ કોર્ટના તમામ ન્યાયાધીશોની બેઠક બોલાવવાની માંગ કરી છે.

સુપ્રીમ કોર્ટમાં સબ સલામત નથી તેના સંકેતો વરિષ્ઠ ન્યાયાધીશોમાં પ્રવર્તતા અસંતોષ પરથી મળી રહે છે.અગાઉ જાન્યુઆરી માસમાં ચાર વરિષ્ઠ ન્યાયાધીશોએ પત્રકાર પરિષદ બોલાવીને સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટીસ દ્વારા મનામાની કરતી હોવાના આરોપો મુકાયા હતા.પત્ર લખનારા બે ન્યાયાધીશો પૈકીના એક જસ્ટીસ રંજન ગોગોઇ ઓક્ટો. માસમાં જસ્ટીસ મિશ્રાની નિવૃત્તિ બાદ ચીફ જસ્ટીસ તરીકેનો કાર્યભાર સંભાળશે.

ચીફ જસ્ટીસ મિશ્રાને લખેલા બે લીટીના પત્રમાં કોલેજીયમના સભ્ય એવા જસ્ટીસ ગોગોઇ અને જસ્ટીસ લોકુરે સુપ્રીમ કોર્ટના ભવિષ્ય અને સંસ્થાગત મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે ન્યાયિક પક્ષે ફુલ કોર્ટ બોલાવવાની માંગ કરી છે.જો કે ચીફ જસ્ટીસે આ પત્ર પર હજુ કોઇ પ્રત્યાઘાત આપ્યો નથી.સુત્રોએ જણાવ્યા મુજબ સુપ્રીમ કોર્ટના તમામ ન્યાયાધીશો ચા પર એકઠા થયા હતા ત્યારે તે પરંપરાગત સવારની બેઠકમાં કેટલાક ન્યાયાધીશોએ ફુલ કોર્ટનો મુદ્દો ઉઠાવ્યો હતો.

જસ્ટીસ ગોગોઇ અને જસ્ટીસ લોકુરે સંસ્થાગત મુદ્દાઓ અને ભાવિ એ બે શબ્દનો ઉપયોગ કરી ન્યાયતંત્રની સ્વતંત્રતા પર સવાલ ઉઠાવ્યો છે.સુપ્રીમ કોર્ટે અને હાઇકોર્ટમાં ન્યાયાધીશોની નિયુક્તિ માટે કોલેજીયમ દ્વારા કરાયેલી ભલામણોની સરકાર અવગણના કરી રહી છે.

## સુપ્રીમ કોર્ટના જજ તરીકે ઇન્દુ મલ્હોત્રાની નિમણુંક કરાઇ અને જોસેફની નિમણુંક નકારાઈ

સરકાર અને ન્યાયતંત્ર વચ્ચે ચાલી રહેલા ગજગ્રાહ વચ્ચે સરકારે એડવોકેટ ઈન્દુ મલ્હોત્રાની નિમણુંક કરી છે.જો કે ઉત્તરાખંડના હાઈકોર્ટના ચીફ જસ્ટીસ કે.એમ.જોસેફની નિમણુંક અંગે સરકારે પોતાનો નિર્ણય જણાવ્યો નથી.સુપ્રીમ કોર્ટની કોલેજીયમે ગત ૨૨ જાન્યુઆરીએ જસ્ટીસ જોસેફ અને એટવોકેટ મલ્હોત્રાની નિમણુંક માટે ભલામણ સરકારને મોકલી આપી હતી.ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં ફાઇલ અંગે કામગીરી આગળ ધપાવ્યા બાદ ભલામણ પર અમલ અટકાવી દેવાયો હતો.કારણકે માત્ર ઈન્દુ મલ્હોત્રાને જ સુપ્રીમ કોર્ટના જજ તરીકે નિયુક્તિ કરવા માંગતી હતી.હવે સરકારે તેનું વલણ સ્પષ્ટ કરી દીધું છે કે તે માત્ર મલ્હોત્રાને જ નિયુક્તિ આપશે.સરકાર માને છે કે જસ્ટીસ જોસેફના નામની ભલામણ કરીને કોલેજીયમે સીનીયોરીટી અને પ્રાદેશિક પ્રતિનિધિત્વનો અનાદર કર્યો છે.

ખરેખર તો હકીકત એ છે કે જસ્ટીસ જોસેફ ભાજપ સરકાર વિરુધ્ધ પોતાનો ચુકાદો એક કેસમાં આપતાં ભાજપની શાખ બગડી હતી તે વાતને ધ્યાનમાં લઈને તેમની નિયુક્તિ અટકાવવામાં આવી છે.આ ઉપરાતં જસ્ટીસ જોસેફ લઘુમતી સંપ્રદાયમાંથી આવે છે તેથી તે બાબત પણ તેમને ખટકે છે.સરકારની નીતિઓ હવે દેશની દરેક સંસ્થા તેમના પાળતુ કુતરા જેવી હોય કે પાળતુ પોપટ જેવી હોય તેવી ધારણામાં રાચે છે. સીબીઆઇ અન એનઆઇએ માટે દેશભરના સમાચાર પત્રોમાં આ બાબત ચર્ચાઇ ચુકી છે.સરકાર વિરુધ્ધ પોતાના ચુકાદાઓ આપી શકે તેવી કોઇપણ વ્યક્તિને સરકાર તેમના પદો પર નિયુક્તિ આપવા ઇચ્છતી નથી. તે હવે સિધ્ધ થઇ ચુક્યું છે.ન્યાયતંત્ર ઉપર સરકારનો હસ્તક્ષેપ માટે સુપ્રીમ કોર્ટના સીનીયર જજ્જો આ જ બાબતોથી વિરોધ કરી રહ્યા છે.

## ચીફ જસ્ટીસ સામે મહાભિયોગનો પ્રસ્તાવ ઉપરાષ્ટ્રપતિએ ફગાવી દીધો

કોગ્રેસના નેતૃત્વમાં ૭ વિપક્ષના ૬૪ નેતાઓએ સહી કરીને ચીફ જસ્ટીસ વિરુધ્ધ મહાભિયોગનો પ્રસ્તાવ રજુ કર્યો હતો જેને ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ વૈકૈયા નાયડુએ ફગાવી દીધો હતો.ઉપરાષ્ટ્રપતિએ લાંબા વિચારવિમર્શ પછી,નિષ્ણાંતોની સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ આ મહાભિયોગનો પ્રસ્તાવ ફગાવવાનો નિર્ણય લીધો હતો.પોતાના ૧૦ પાનાના આદેશમાં નાયડુએ વિપક્ષોના તમામ આરોપોને નિરાધાર અને બેબુનિયાદ ઠેરવ્યા હતા.આદેશમાં જણાવ્યા પ્રમાણે ચીફ જસ્ટીસ સામે મહાભિયોગ ચલાવવાના કોઇ નક્કર કારણો કે પુરાવા ન હતા.બીજો આધાર એ હતો કે નોટીસ આપ્યા પછી કોગ્રેસે તરતજ પ્રેસ કોન્ફરન્સ કરી હતી જે સંસદીય પરંપરાનો ભંગ કરનારી હતી. છેલ્લા તેમને આદેશમાં કહ્યુ હતું કે તમામ તથ્યો અને હકીકતો પર ગંભીરતાથી વિચાર કર્યા પછી હું આ મહાભિયોગની નોટિસને મંજુર કરતો નથી.

કોગ્રેસના નેતા કપિલ સિબ્બલે કહ્યુ હતું કે પાર્ટી દ્વારા નાયડુના નિર્ણયને સુપ્રીમમાં પડકારાશે.સુપ્રીમ કોર્ટ જે નક્કી કરશે તે અમને શિરોમાન્ય છે.નાયડુનો નિર્ણય નિરાશાજનક છે.ન્યાયતંત્રની ગરિમા અને શાખ બચાવવા માટે આ નોટિસ લાવવામાં આવી હતી. આ ઉતાવળે લેવાયેલ નિર્ણય છે.ઉપરાષ્ટ્પતિએ કોલેજીયમ અને નિષ્ણાતોની સલાહ લેવાની જરુર હતી.ચીફ જસ્ટીસ સામેના આરોપોની તપાસ કરવાનો તેમને અધિકાર નથી.તેમણે માત્ર સહીઓ અને સંખ્યાબળ જોવાનું હતું. પ્રશાંત ભુષણે નોટિસ ફગાવવાના નિર્ણયને રાજકીય ગણાવ્યો હતો.ચીફ જસ્ટીસને બચાવવા મોદી સરકારના દબાણથી કામ થઇ રહ્યુ છે.શિવસેનાએ નોટિસ ફગાવાઇ તે પણ એક રાજકારણ ગણાવ્યુ હતું.

## સંત આશારામની શેતાની લીલાને બચાવવા માટે ૨૧ નામી વકીલોની ફોજ નાકામયાબ નીવડી અને આજીવન જેલના સળીયા ગણતા થઇ ગયા

સંત આશારામને બચાવવા માટે બળાત્કાર કેસમાં અત્યાર સુધીમાં દેશના નામી ૨૧ વકીલોની ફોજે લડત આપ્યાં છતાં માત્ર બે સરકારી વકીલો પોકર રામ બિશ્નોઇ અને આર.એલ મીણાએ પાંચ વર્ષમાં તમામ નામી વકીલોને હંફાવી દીથા. સરકારી વકીલો સેલ્યુટને પાત્ર બને છે.કારણકે દેશના નામી વકીલો દેશના જધન્ય ગુનાઓમાં ગુનેગારોને છોડાવી લે છે.કેટલાક એવા ગુનાઓમાં ગણત્રીના કલાકોમાં પણ જામીન અપાવી દે છે પરંતુ આશારામના કેસમાં બધા વકીલોની કારી ફાવી નહીં.

આશારામનો કેસ લડવામાં જે ૨૧ વકીલોની ફોજ હતી તેમાં રામ જેઠમલાણી, કે.ટી.તુલસી,ઉદય રમેશ લલિત,સલમાન ખુરશીદ,સિધ્ધાર્થ લુથરા,રાજુ રામચંદ્રન,સુબ્રમણ્યમ સ્વામી, સોલી સોરાબજી, મુકુલ રોહતગી, વિકાસ સિંહ,એસ.કે જૈન, કે.કે.મેનન,મહેસ બોડા, નિલકમલ બોડા, મધરાજસિંહ સિંઘવી,સજ્જનરાજ રાણા,એન.કે બોહરા,રાજેન્દ્ર ચૌધરી, ઓમકાર લખાવત,શોકતઅલી, સોમનાથ લઢ્ઢા મુખ્ય હતા.

બે સરકારી વકીલોની દલીલોએ આ ૨૧ નામી વકીલોને ફાવવા દીધા નહોતા. અને આ વકીલોએ આશારામને બચાવવા માટે ઘણી તરકીબો અજમાવી હતી પરંતુ તેઓ ફાવ્યા નહોતા.

આશારામ ના આ બળાત્કારી કેસમાં તેઓને જે રીતે સજા મળી છે તે બાબતે હજુ તેમના વકીલોને આશા છે કે તેઓ આગળની કોર્ટોમાં અપીલો કરીને તેમના અસીલને છોડવી શકશે.પરંતુ સ્પેશીયલ એસસી-એસટી જજ્ મધુસુધન શર્માએ આશારામને દોષિત જાહેર કરતા આપેલ જજમેન્ટમાં કોઇ કસર બાકી રાખેલ નથી.આશારામે પોતે દોષિત જાહેર ના થાય માટે તેના કેટલાક સાક્ષીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે.હજુ આ સાક્ષીઓને મારી નાખવાની સજા બાકી રહે છે. કોર્ટે આ બાબતોને હજુ ધ્યાને લીધી નથી. માત્ર તેને બળાત્કાર કેસમાં સજા કરવામાં આવેલ છે.

આ કેસમાં જે પીડીતા હતી તે છેક છેલ્લે સુધી મકકમ રહી શકી તેથી તે ધન્યાવાદને પાત્ર છે. આશારામે જે રીતે કેસમાંથી છુટી જવા માટે દેશના નામી વકીલોની ફોજ ને પોતાના હક્ક માટે તૈયાર કરી હતી તે બતાવી આપે છે કે નાણાંની કોથળીઓ ઢીલી કરવા છતાં તેમની કોઇ કારી ફાવી નથી. ધન્યવાદને પાત્ર જજ અને સરકારી વકીલો છે કે જેમણે છેક સુધી લડાઇમાં જે ફરિયાદી છે તેને ન્યાય મળે માટે પોતાને અકબંધ રાખી અને તમામ પ્રકારની લોભ લાલચોથી પોતાની જાતને બચાવી રાખી તે પ્રશંશનીય છે.

પીડીતાએ આ કેસ બાબતે એટલુ કહ્યુ કે ન્યાય મળ્યો છે તે બાબતે આનંદ છે પરંતુ જેઓને છોડી મુકાયા તેમને પણ સજા થવી જોઇતી હતી.પરંતુ ચુકાદા બાબતે અમો સંતુષ્ટ છીએ.મીડીયા અને ન્યાયતંત્રનો તેમણે આભાર માન્યો હતો કે તેમણે તેમને સહકાર આપ્યો બદલ અમો તેમના આભારી છીએ.

જો કે આશારામના કેટલાક ખાસ ભક્તો દ્વારા હજુ પણ તેમના નિર્દોષપણા બાબતે તેમના નિવેદનો આવી રહ્યા છે. તે પૈકીના એન્કાઉન્ટર કેસના આરોપી પુર્વ આઇપીએસ વણઝારાએ નિવેદન આપ્યુ હતું કે આશારામ નિર્દોષ છે.પીડીતા પર બળાત્કાર જ થયો નથી માત્ર સ્પર્શ થયો હોવાનું કહેવાયું છે.પીડીતાના મેડિકલ ટેસ્ટ થયેલા છે તે મુજબ તેનું કોમાર્ય ખંડતિ થયું નથી.અને તેના હાઇમન અકબંધ છે.પીડીતાએ પોલીસ રુબરુ કે ૧૬૪ના તેના નિવેદનમાં કે ટ્રાયલ દરમિયાન પણ ક્યારેય પોતાના પર બળાત્કાર થયો હોવાનું બતાવ્યું નથી.એફઆઇઆરમાં પણ બળાત્કારની વાત જ નથી.એફઆઇઆરમાં માત્ર એટલુંજ છે કે બદઇરાદાથી તેની સાથે સ્પર્શ કરવામાં આવ્યો હતો.આટલા જ ચાર્જમાં તેમને દોષિત ઠરાવાયા છે.

હવે આ ચુકાદાની સામે હાઇકોર્ટમાં જવા માટે આશારામના વકીલો તડામાર તૈયારીઓ કરી રહ્યા છે.જો કે સજાની જાહેરાત થતાં જ આશારામના ભકતોમાં સન્નાટો છવાઇ ગયો હતો. આશારામના કેટલાક આશ્રમોમાં હવનની સાથે ભકતોએ પ્રાર્થના શરુ કરી દીધી છે.ભુતકાળમાં બાબાઓની ધરપકડ અને સજા સામે જે તેના ભક્તો એ હિંસાચાર અને અશાંતિ સર્જી હતી તેવુ બન્યું નથી તે સુખદ બાબત છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ન્યાયતંત્રમાં સબ સલામત નથી એવી બાંગો પોકારાઇ રહી છે. સુપ્રીમ કોર્ટના સીનીયર જજ્જો જે રીતે પોતાનો આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે તે જોતા એવું લાગે છે કે ન્યાયતંત્ર ઉપર સરકારની સપ્રાઇનો કોરડો વીઝાઇ રહ્યો છે.માત્ર યસ મેન અને ચમચાઓની જમાત ઇચ્છતી સરકાર એવા ન્યાયમુર્તિઓ માટે અપેક્ષા રાખી રહી છે કે તેમની વિરુધ્ધ કોઇપણ પ્રકારનો ચુકાદો આપે જ નહીં.અને સરકાર ધારે તેને ન્યાયતંત્રના સપાટામાં સાફ કરી મુકે તેવી જોગવાઇઓ કરવામાં મશગુલ છે તેવો ભાર થઇ રહ્યો છે ત્યાં જોધપુરની ખાસ કોર્ટે આસારામને એક કિશોરી પરના બળાત્કારના કેસમાં આજીવન કારાવાસની સખ્ત સજા ઠોકી બેસાડીને ન્યાયતંત્ર પરનો ભરોસો મજબુત બનાવ્યો છે.કરોડોની લાંચ આપી પોતાની ઉપરનો મજબુત ગાળીયો હટાવવાનો પ્રયત્ન કરનાર,સાક્ષીઓને ધમકાવીને ફેરવી નાંખનાર અને સાક્ષીઓની કત્લ કરી નાંખનારને,કોર્ટે આકરી સજા ફટકારી તે ન્યાયતંત્રની મજબુતાઇ બતાવે છે.

ફેક એન્કાઉન્ટરમાં છોડી મુકાયા બાદ,જજની હત્યાની આશંકા,કેટલાક નેતાઓ સામે મજબુત કેસો હોવા છતાં નિર્દોષ છોડી મુકાતાં ન્યાયતંત્રની ગરીમાને ઠેશ જરુર પહોચી છે. પરંતુ આશારામના કેસમાં દેશના ૨૧ નામી વકીલોની ફોજ કોર્ટમાં નિર્દોષ સાબિત કરવામાં નિષ્ફળ નીવડી. ન્યાયતંત્રની આંટીઘુટીમાં સમજ નથી પડતી એવું સામાન્ય સમજમાં દેખાય છે.જેટલા આધ્યાત્મિક ગુરુઓ જેલમાં ગયા તેમની સ્ટોરીમાં તો મસલ્સ પાવર હતો,મની પાવર હતો ,માઇન્ડ પાવર પણ હતો(વકીલોની ફોજ) પરંતુ સત્તા સામે તેમનું શાણપણ ચાલ્યુ નહિ તેવું દેખાઇ રહ્યુ છે.આશારામની આટલી સંપત્તિ,આટલી રાજકીય તાકાત, અનુયાયીઓનું સંખ્યાબળ જોતાં ક્યાં કઇ ખોટ તેમને નડી છે તે સંશોધનનો વિષય જરુર છે.

મત મેળવવાની લ્હાયમાં નેતાઓ કેવા કેવા લોકોનો સહારો લે છે,પ્રોત્સાહન મેળવે છે તે તેમને જોવું જરુરી છે. આશારામની સાથે દેશના ટોચના નેતાઓ મંચ પર જોવા મળ્યા છે.તેમના ચરણ છુતા ફોટાઓ જનતાએ જોયા છે અને હવે તેમને જેલવાસમાં તેમના ફોટાઓ જોઇ રહ્યા છે.લોકોએ ધાર્મિક અંધશ્રધ્ધાથી ઠગોને પ્રાધાન્ય આપવું ના જોઇએ ,સમાજ માટે આ એક પડકાર છે.વિજ્ઞાન અને ટેકનોલોજી ના યુગમાં લોકો ધુતારાઓ પાછળ ગાંડાઘેલા કાઢે તે વ્યાજબી નથી પરંતુ આ દેશમાં આવું ચાલે છે તેમાં નવાઇ નથી.

## મંતવ્ય

એક બાજુ બળાત્કારનો કેસ ચાલી જતાં આશારામને આજીવન કારાવાસની સજા આપવામાં આવી. બીજી બાજુ સરકારે ૧૨વર્ષથી નીચેની વયની છોકરીઓ પર બળાત્કાર કરનારને ફાંસીની સજા કરવાનો કાયદાની જાહેરાત કરી દીધી.પરંતુ આ કાયદાની જાહેરાત થયા બાદ પણ કેટલા બળાત્કારની ઘટનાઓ સમાચાર પત્રોમાં જાહેર થઇ.એનો અર્થ એવો થયો કે લોકોના માનસ કેટલા વિકૃત થઇ ચુક્યા છે કે તેમને ફાંસીની સજાનો ડર લાગતો નથી.ધર્મગુરુઓની પાપલીલાની જાહેરાત થઇ અને તેમાં કેટલાક જેલ ભેગા થયા પરંતુ દેશમાં પાખંડીઓની ફોજ છે.આ દેશની અંધશ્રધ્ધાળુ પ્રજા તેમનો ભોગ બનતી રહે છે. ધર્મના નામે ધતીંગો ચલાવનારાઓની દેશમાં કમી નથી.

દેશના કેટલાક રાજ્યોમાં મહિલાઓ સુરક્ષિત નથી. તેમનું ઘરની બહાર જવું આવવું સલામત નથી.મહિલાઓનો આદર કરવાની સુફિયાણી વાતો કરતો પાખંડી સમાજને સુધારશે કોણ? શિક્ષણ નામે વેપલો ચલાવતા શિક્ષણશાસ્ત્રીઓ કે પછી ભ્રષ્ટાચારી રાજનેતાઓ ?આપણે કોની પાસે અપેક્ષા રાખીશું.એક શેરમાં કહ્યુ છે કે બરબાદ ગુલિસ્તા કરનેકો એક હી ઉલ્લુ કાફી હે યહાં તો ડાલ ડાલ પે ઉલ્લુ બેઠા હે,અંજામે ગુલીસ્તા ક્યા હોગા.

આશારામ માટે હજુ પણ આગળની કોર્ટો બાકી છે જ્યાં તે પોતે ફરીથી કાયદાને પડકારી શકશે. અનિલભાઇ પંચાસરા


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ એ એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


## અસહિષ્ણુતાથી દેશની છબી ખરડાઇ છે : દેશમાં લિબરલ વ્યક્તિ કે સંસ્થા સુરક્ષિત નથી : જસ્ટીસ ધર્માધિકારી

સામાજિક કાર્યકર્તા નરેન્દ્ર દાભોલકર અને ગોવિંદ પાનસરે હત્યા કેસની સુનાવણી કરી રહેલા જજ ધર્માધિકારીએ કહ્યુ હતું કે દેશમાં હાલ કોઇ ઉદારમતવાદી વ્યક્તિ કે સંસ્થા સુરક્ષિત નથી.દાભોલકર અને પાનેસરની હત્યાના મામલાની સુનાવણી મુંબઇ હાઇકોર્ટમાં ચાલી રહી છે. સુનાવણી દરમિયાન જસ્ટીસ ધર્માધિકારીએ જણાવ્યુ હતું કે હિંસાથી કોઇ સંસ્થાની પ્રગતિ થઇ નથી.તેમણે વધુમાં કહ્યુ હતું કે આજે ભારતની છબી એવી બની ગઇ છે કે લોકો વિચારવા લાગ્યા છે કે ઉદારમતવાદી અથવા ખુલ્લી વિચારધારા રાખનારા સુરક્ષિત નહીં રહે.વર્તમાન સ્થિતિ પર બોલતાં જસ્ટીસ ધર્માધિકારીએ કહ્યુ કે પરિસ્થિતિ એવી છે કે આંતરરાષ્ટ્રીય સંગઠન અને વિદેશી લોકો આપણી સાથે શૈક્ષણિક,સાંસ્કૃતિક સ્તર પર કાર્યક્રમ યોજતા અચકાય છે.તેમણે દાભોલકર અને પાનેસર હત્યા બાબતની સુનાવણી દરમ્યાન કહ્યુ હતુંકે બંન્નેને એક સુનિયોજીત યોજના હેઠળ ઠાર કરવામાં આવ્યા હતા.આ બંનેની હત્યા પાછળ કોઇ સંગઠનનો હાથ હોવાની આશંકા પણ તેમણે વ્યક્ત કરી હતી.

## આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ તેમના રાજ્યની ભાવના સાથે રમત કરનાર મોદી સરકારને દેશમાંથી અદ્દ્રશ્ય કરી દેવાની ચીમકી આપી

ટીડીપીના અધ્યક્ષ અને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ પાર્ટીના સાંસદોને કહ્યુ હતું કે તેઓ આધ્રપ્રદેશના ખાસ રાજ્યનો દરજ્જો અપાવવા માટે પોતાનું વિરોધ પ્રદર્શન આક્રમક કરે.તેમણે કહ્યુ હતું કે મોદી સરકાર આધ્રપ્રદેશની ભાવનાઓ સાથે રમત કરશે તો તે દેશમાંથી અદ્દ્રશ્ય થઇ જશે. નાયડુએ એક ટેલી કોન્ફરન્સમાં કહ્યુ હતું .અનેક દિવસોથી વારંવાર ગૃહને સ્થગિત કરાવીને સંસદમાં ભાજપ આ મુદ્દેથી બચી રહી છે.જો ગૃહની કાર્યવાહી સ્થગિત થઇ ગઇ હોય તો સાંસદોએ રાષ્ટ્રપતિને મળવું જોઇએ. ભાજપ ભાગલા પાડો અને રાજ કરોની નીતિ પર કામ કરે છે.ઉલ્લેખનીય છે કેસંસદના બજેટ સત્રના બીજા હિસ્સાનો અંતિમ દિવસ હતો ત્યારે નાયડુએ પોતાના મંત્રીઓ અને ટીડીપી ધારાસભ્યોની એક સાયકલ રેલીનું આયોજન કર્યુ હતું.તેમણે કહ્યુ હતું કે આંધ્રના લોકો ભાજપને સ્વીકારતા નથી અને હવે એવો સમય આવશે કે સમગ્ર દેશમાં તેમનો અસ્વીકાર થશે.

વાયએસઆર કોગ્રેસના પાંચ સાંસદોએ લોકસભામાંથી આંધ્રને ખાસ દરજ્જો આપવાના મુદ્દે રાજીનામા આપ્યા છે.

## વિવાદાસ્પદ કાયદો આર્મ્ડ ફોર્સીસ સ્પેશીયલ પાવર એક્ટ(અફસ્પા)ને મેઘાલયમાંથી સંપુર્ણ પણે હટાવાયો

કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા અફસ્પાને મેઘાલયમાંથી સંપુર્ણપણે હટાવી લેવામાં આવ્યો છે.આ ઉપરાંતઅરુણાચલ પ્રદેશના કેટલાક ભાગોમાંથી પણ આ એક્ટને હટાવી લેવામાં આવ્યો છે.આ કાયદા અંતગર્ત સૈન્યને કેટલાક વિશેષાધિકારો મળે છે.જેનો છેલ્લા કેટલાક સમયથી વિરોધ કરવામાં આવ્યો હતો. આ કાયદાના વિરોધમાં એક મહિલા ઇરોમે વર્ષો સુધી ભુખ હડતાલ કરી હતી. સપ્ટે.૨૦૧૭ સુધી મેઘાલયના ૪૦ ટકા વિસ્તારમાં આ કાયદો લાગુ હતો.ગૃહમંત્રાલયના એક ઉચ્ચ અધિકારીએ જણાવ્યા મુજબ રાજ્ય સરકાર સાથે વાતચીત થયા મુજબ આ કાયદાને સંપુર્ણપણે હટાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.હવેથી અરુણાચલ પ્રદેશના માત્ર ૮ પોલીસ સ્ટેશનમાં તે અમલી રહેશે.

ગૃહમંત્રાલયે અન્ય એક નિર્ણયમાં નકસલીઓ માટે આત્મસમર્પણ અને પુનર્વસન નીતી અંતગર્ત આર્થિક મદદની રકમ ૧ લાખથી વધારીને ૪ લાખ કરી છે. આ સાથે સરકારે મણિપુર,મિઝોરામ અને નાગાલેન્ડ જનારા વિદેશીઓ માટે પ્રતિબંધિત વિસ્તારની પરમિટ અને સંરક્ષિત વિસ્તારની પરમીટ માટે રાહત આપી છે.પરંતુ પાકિસ્તાન,અફઘાનિસ્તાન,અને ચીન માટે આ પ્રતબિંધ યથાવત રહેશે.

## વડાપ્રધાન મોદીએ કરેલા વાયદાઓ આરટીઆઇના દાયરામાં ના આવેઃ કેન્દ્રીય સુચના આયોગનો જવાબ

મોહનકુમાર નામક અરજી કર્તાએ નોટબંધીના અઢાર દિવસ બાદ પીએમઓ ઓફિસમાંથી જાણકારી માંગી હતી કે પ્રધાનમંત્રીએ દરેક નાગરિકના ખાતામાં રુ.૧૫ લાખ જમા કરાશે તેવો વાયદો કર્યો હતો.વાયદો પુરો કરવાની કોઇ તારીખ જણાવાઇ નથી તેથી તેમને જાણવાની ઇચ્છા છે.તેમને અરજીના અનુંસંધાનમાં અપાયેલ જવાબમાં કહેવાયું હતું કે વાયદો પુરો કરવા તારીખ દર્શાવવી એ આરટીઆઇના દાયરામાં આવતું નથી.આ અંગે કોઇ જવાબ આપી ન શકાય.પીએમઓ તરફથી કેન્દ્રીય સુચના આયોગને આ જાણકારી આપવામાં આવી હતી.આ સમગ્ર કેસ આરટીઆઇ સાથે જોડાયેલો છે.અરજીકર્તા મોહનકુમારે પીએમઓ પાસે જાણકારી માંગી હતી કે દેશના દરેક નાગરિકના ખાતામાં ૧૫ લાખ રુપીયા ક્યારે આવશે ? જેનો જવાબ ન આવતાં આ સમગ્ર કેસ કેન્દ્રીય સુચના આયોગ સુધી પહોચ્યો હતો.

ચીફ ઇન્ફોમેશન કમિશ્નર આર.કે.માથુરે જણાવ્યુ હતું કે પીએમઓ તરફથી અને આરબીઆઇ તરફથી સંપુર્ણ માહીતી આપવામાં આવી છે.પીએમઓએ જણાવ્યુ છે કે ૧૫ લાખ રુપીયા જમા કરાવવા માટે તારીખ શું હશે અને નોટબંધી લાગુ થવાની જાણકારી પ્રિન્ટ મીડીયા સુધી કેવી રીતે પહોચી ? આ બંન્ને વિશેની જાણકારી આરટીઆઇ એક્ટના દાયરામાં આવતી નથી.આરટીઆઇ એક્ટ ૨ એફ એક્ટ અંતગર્ત સુચનાનો અર્થ એવા રેકોર્ડ,દસ્તાવેજ,મેમો,ઇમેઇલ,વિચાર,સલાહ,પ્રેસ વિજ્ઞાપન,સર્કયુલર,લોગબુક,અનુબંધ,મોડલ્સ અને ડેટા કે જેનો સરકારી અધિકારીઓ ઉપયોગ કરે છે. તા.૫ ફેબ્રુ.૨૦૧૫ના રોજ અમિત શાહે કહ્યુ હતું કે દરેક પરિવારમાં ૧૫ લાખ રુપીયાની વડાપ્રધાન મોદીની જાહેરાત એક જુમલો હતો.ભાષણમાં ભાર મુકવા માટે તેમણે મોદીએ આ વાતનો ઉલ્લેખ કર્યો હતો. ૨૦૧૪ની લોકસભાની ચુંટણી દરમિયાન એક રેલીમાં મોદીએ દરેકના ખાતામાં ૧૫ લાખ જમા થવાની વાત કરી હતી.

જુમલાઓ માટે કરેલી વાતોનો પ્રજાએ હિસાબ રાખવો પડે.કારણકે નેતાઓ ભાષણમાં ભાર મુકવા માટે ગમે તે બાબતને ગમે તે રીતે રજુ કરે તેથી તે સત્ય માનીને ચાલવું જરુરી નથી.

# એટ્રોસીટીની ફરિયાદોમાં મંજુરી વગર આરોપીની અટકાયત ન કરવા નો પરિપત્ર જારી : ગુજરાતભરમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાનો અમલ શરુ કરવા ઉતાવળી બનેલી પોલીસની સુચના

સુપ્રીમ કોર્ટના ચુકાદાને કારણે એટ્રોસીટી એકટની હળવી થયેલી જોગવાઈઓનો અમલ ગુજરાતમાં થઈ ચુક્યો છે.રાજ્યમાં એક પછી એક તમામ જિલ્લા પોલીસ અધિક્ષકો પોતાના તાબા હેઠળના પોલીસ સ્ટેશનોમાં એટ્રોસીટીની ફરિયાદોમાં મંજુરી વગર આરોપીની અટકાયત ન કરવા પરિપત્રો જારી કરી રહ્યા છે.

૨૦મી માર્ચે સુપ્રીમના ચુકાદા બાદ દેશભરમાં દલિતો, આદિવાસીઓમાં રોષ ભભુકી ઉઠ્યો હતો.ખુદ ભાજપના નેતાઓ જ એટ્રોસીટી એક્ટમાં ફેરફાર સામે નારાજગી દર્શાવી રહ્યા છે.દલિત,આદિવાસી કર્મશીલો સુપ્રીમ માં ચુકાદા સામે ભારત સરકાર સમક્ષ વટહુકમ લાવવાની માંગણી કરી રહ્યા છે.ત્યારે ગુજરાત પોલીસના પરિપત્ર અને તેના અમલની ઉતાવળ સામે સવાલો ઉઠ્યા છે.સુપ્રીમ કોર્ટે તો ૭ વર્ષ સુધીની સજા હોય તેવા ગુનાઓમાં આરોપીને પોલીસ સ્ટેશનમાં જ પોલીસ દ્વારા જ જામીન આપવા માટે પણ ચુકાદો આપ્યો છે. એટલું જ નહીં પણ રજુઆત મળ્યાના ૨૪ કલાકમાં એફઆઈઆર રજીસ્ટ્રેશન કરવાનો પણ ચુકાદો આપ્યો છે.નાગરિક અધિકારને સંરક્ષિત કરતા અનેક ચુકાદાઓ સુપ્રીમ કોર્ટે આપ્યા છે.આમ છતાંય ગુજરાત સરકારને આધિન પોલીસ ક્યારે તેના અમલ માટે આટલી ઝડપથી પરિપત્રો નથી કર્યા.એટલું જ નહીં પણ રાજ્યમાં તેનો અમલ પણ થતો નથી.

એટ્રોસીટી એક્ટને પડકારતી પીટીશનના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે તેની જોગવાઈઓ હળવી બનાવતો ચુકાદો આપતાંજ દેશભરમાં દલિત સંગઠનો અને નેતાઓમાં રોષ ફાટી નીકળ્યો હતો.સરકારે રીવ્યુ પીટીશન ફાઈલ કરી પરંતુ સુપ્રીમ કોર્ટે પોતાનો ચુકાદો સુધારવાનો કે સ્ટે આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો.

સુપ્રીમ કોર્ટના ચુકાદાથી બંધનું એલાન આપવામાં આવ્યુ હતું. અને હિંસા થઈ હતી. જો કે સુપ્રીમ કોર્ટનું માનવું છે કે તેમના ચુકાદાનું અર્થઘટન ખોટુ થયું છે.

# અઢાર વર્ષના ઇતિહાસમાં પહેલી વાર બજેટ સત્રમાં ઓછી કામગીરી : સરકાર માટે કાળી ટીલી સમાન

સંસદનું બજેટ સત્ર ભારે શોરબકોર અને હોબાળા વચ્ચે સમાપ્ત થયું. આ સત્ર છેલ્લા ૧૮ વર્ષમાં સૌથી ઓછુ કામ કરનાર સત્ર હતું.મતલબ કે કોઈ ખાસ કામગીરી શક્ય બની નહીં.આ બજેટ સત્રમાં બંન્ને ગૃહોના કુલ મળીને આશરે ૨૫૦ કલાક બગડ્યા. જે નરેન્દ્ર મોદી સરકાર માટે કાળી ટીલી સમાન છે.સંસદમાં મઠાગાંઠ માટે ભાજપ અને કોગ્રેસ સહિતના વિપક્ષો એકબીજા પર આરોપો મુકી રહ્યા છે. સંસદીય બાબતોના મંત્રી અનંતકુમારે આપેલા આંકડામાં સેશનના પાર્ટ વનમાં લોકસભાની કામગીરી ૧૩૪ ટકા રહી જ્યારે રાજ્યસભાની તે ૯૬ ટકા રહી. પાર્ટ વનમાં લોકસભાના સાત અને રાજ્યસભાના આઠ સીટીંગ્સ રહ્યા હતા.પરંતુ પાંચ માર્ચે શરુ થયેલા આ બજેટ સત્રના બીજા પાર્ટની કામગીરી અવરોધ અને મોકુફીને કારણે સાવ શકય બની નહોતી.સરકાર વિરુધ્ધ અવિશ્વાસનો ઠરાવ આવ્યો હતો પરંતુ તે અવરોધ અને મોકુફીને કારણે ચર્ચામાં આવ્યો નહોતો.


## ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in


# નોટબંધી બાદ રોકડની અછતે દેશભરમાં હાહાકાર મચાવી દીધો : નાણાંની અછતથી દેશના ૧૦ રાજ્યોમાં ૭૦ ટકા એટીએમ નાણાં વગરના ખાલીખમ બન્યા

દેશભરના ૧૦થી વધુ રાજ્યોમાં આવેલા ૭૦ ટકા એટીએમ ખાલીખમ બન્યા હતા.રોકડની અછત સર્જાઇ હતી. નોટબંધી બાદ દેશમાં નાણાંકીય વ્યવહારમાં લોકોને ભારે તકલીફોનો સામનો કરવો પડ્યો હતો.દેશભરમાં અક્ષય તૃતીયાનો તહેવાર જે દિવસે લોકો સોના-ચાંદીની ખરીદી કરતા હોય છે તેઓ રોકડની ખરીદીને કારણે ખરીદી કરી શક્યા નહોતા.રોકડની અછતને કારણે અડધા દેશમાં હાહાકાર મચી ગયો હતો.રોજીંદી જરુરીયાતો માટે,લગ્નથી માંડીને સારવાર માટે લોકો પૈસા વગર વલખાં મારી રહ્યા છે.મધ્ય પ્રદેશ,બિહાર,યુ.પી, ઉત્તરાખંડ,ગુજરાત, તેલંગાણા, આંધ્રપ્રદેશ, કર્ણાટક, સહિતના ૧૦ થી વધુ રાજ્યોમાં રોકડની અછત વર્તાઇ રહી છે. ગુજરાત સહિતના સંખ્યાબંધ રાજ્યોમાં બેન્કોએ રોકડ ઉપાડ માટેની મર્યાદા લાદી દીધી છે.

અમદાવાદ સહિત સમગ્ર રાજયમાં મોટાભાગની બેન્કોના એટીએમ ખાલી છે. નોટબંધી પછી વધુ એક વખત નાણાંની કૃત્રીમ તંગીથી ગરીબથી લઈને તવંગર પરેશાન થઈ રહ્યા છે.નોટબંધી પછી નાણાંની કૃત્રિમ તંગી ઊભી થતાં લોકોમાં ગભરાય ફેલાયો છે.આવી તંગી ઊભી કરીને સરકાર ક્યાય ખાનગી વોલેટને ફાયદો થાય તેવા પ્રયાસ તો નથી કરી રહીને ? તેવો સવાલ લોકોમાં ઉઠ્યો છે.છતે પૈસે લોકો પૈસા વગરના બની ગયા છે. ખાતામાં રુપીયા છે પરંતુ એક રુપીયો ખર્ચ કરવા મળતો નથી.

ડીજીટલ ટ્રાન્ઝેકશનનો વ્યાપ વધે તે માટે સરકાર ઘણા સમયથી પ્રયત્ન કરી રહી છે. પરંતુ તેમાં સફળતા નથી મળી રહી.ખાનગી વોલેટ મોટી સંખ્યામાં ખુલી ગયા છે.પરંતુ તેનો ઉપયોગ કરનારા મર્યાદિત છે. આવા વોલેટમાં વ્યવહાર વધે તે માટે શું કરવું જોઈએ ? તેવા કથિત સવાલમાં કોઈકે એટીએમમાં પૈસા જ નહીં ભરવા કહ્યુ હોય તેના કારણે તમામ એટીએમ ખાલી થઈ ગયાની પણ લોકોમાં ચર્ચા ઉઠી છે. ગુજરાતમાં જુદી જૂદી બેન્કોના મળીને ૧૧૯૧૪ એટીએમ છે. જ્યારે સમગ્ર દેશમાં ૨,૨૧,૬૫૮ એટીએમ છે.દેશમાં આ એટીએમ પૈકી ૮૦ ટકા ખાલી છે.તેમાં પૈસાજ ભરવામાં આવતા નથી.અખાત્રીજ જેવા તહેવારના દિવસે પૈસા માટે લોકોએ રઝળપાટ કરી હતી પરંતુ બહુ ઓછી વ્યક્તિઓના હાથમાં રોકડ રકમ આવી હતી.જે એટીએમ પર પૈસા હોય ત્યાં લાબી લાઈનો જોવા મળી હતી.નોટબંધીની માફક લોકોએ પોતાના ઓળખીતા અને મિત્રો સાથે ક્યાં ક્યાં એટીએમમાં પૈસા છે તેની માહીતી શેર કરવાનુ ચાલુ કર્યુ છે. મોડી રાત્રે પણ લોકો પૈસા માટે એટીએમ શોધતા નજરે પડે છે.

જો સરકાર તેમના ઈરાદાઓને પ્રજા પર થોપી દેવા માટે પ્રજાને રંજાડવાનો પ્રયત્ન કરતી હોય તો તે લોકોની સરકાર કહેવી મુર્ખાઇ ગણાશે.દેશમાં ચારેકોર ભાર અનર્થ જોવા મળી રહ્યો છે કદાચ આને અચ્છે દિન કહેવાતા હશે.

# ન્યાયતંત્ર અને સરકારી ભાઇચારાથી લોકશાહીને નુકશાન થાય છે : સુપ્રીમ કોર્ટ જસ્ટીશ ચેલમેશ્વર

સુપ્રીમ કોર્ટના સૌથી વરિષ્ઠ ન્યાયમુર્તિ જસ્ટીસ ચેલમેશ્વરે મુખ્ય ન્યાયમુર્તિ દિપક મિશ્રાને પત્ર લખીને હાઈકોર્ટના ન્યાયમુર્તિઓની નિમણુંકમાં સરકાર દ્વારા થઈ રહેલા હસ્તક્ષેપના મુદ્દે ફુલ કોર્ટમાં ચર્ચા યોજવા સુચવ્યું છે.તેમણે પત્રમાં લખ્યુ છે કે ન્યાયતંત્ર અને સરકારી તંત્રના ભાઈચારાથી લોકશાહીને નુકશાન થાય છે.મુખ્ય ન્યાયમુર્તિને પાઠવવામાં આવેલા પાંચ પાનાના પત્રની નકલ સુપ્રીમ કોર્ટના અન્ય૨૨ ન્યાયમુર્તિઓને પણ પાઠવવામાં આવી છે.પત્રની નકલ અન્ય ન્યાયમુર્તિઓને એટલા માટે પાઠવવામાં આવી છે કે અગાઉ જ્યારે ચાર વરિષ્ઠ ન્યાયમુર્તિ રંજન ગોગાઈ,મદન બી લોકુર,કુરિયન જોસેફ અને ચેલમેશ્વરે ૧૨ જાન્યુઆરીના રોજ પત્રકાર પરિષદ યોજીને તેમણે મુખ્ય ન્યાયમુર્તિને પાઠવેલા પત્ર પર પગલાં લેવાઈ રહ્યા ના હોવાની ફરિયાદ કરી ત્યારે અન્ય ન્યાયમુર્તિઓએ ટીકા કરી હતી કે પત્રકાર પરિષદ યોજતી વખતે તેમને વિશ્વાસમાં લેવામાં આવ્યા નહોતા.આ પ્રકારની ટીકાથી બચવા ૨૨ ન્યાયમુર્તિઓને પત્રની નકલ પાઠવી છે.

જસ્ટીસ ચેલમેશ્વરના પત્ર પર ૨૧ માર્ચના રોજ હસ્તાક્ષર થયેલા છે.પત્રમાં તે મુદ્દા પર ધ્યાન દોરવામાં આવ્યું છે કે સરકાર હાઈકોર્ટના ન્યાયમુર્તિઓની નિમણુંક માટે સુપ્રીમ કોર્ટના કોલેજીયમ દ્વારા થતી રહેતી ભલામણોની પસંદગીના ધોરણે સ્વીકાર કરી રહી છે? સરકારને જે નામ અનુકુળ ના હોય તેની અવગણના પણ કરે છે. સરકારનું આ વલણ ન્યાયતંત્રની સ્વાયત્તતાને પ્રભાવિત કરે છે.આ સ્થિતિ અંગે આ ફુલ કોર્ટની બેઠક બોલાવીને ચર્ચા કરવા પત્રમાં સુચવવામાં આવ્યું છે.ન્યાયતંત્રના વહીવટને મુદ્દે જાહેર મહત્વની બાબતો સંકળાયેલી હોય ત્યારે મુખ્ય ન્યાયમુર્તિ ફુલ કોર્ટની બેઠક બોલાવતા હોય છે.

વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

# દેશમાં ૨૪ બનાવટી યુનીવરસીટોઓની યાદી યુસીજીએ જાહેર કરી

યુસીજીએ દેશભરની ૨૪ બનાવટી યુની.ની યાદી જાહેર કરી છે.તેમાંથી આઠ દિલ્હી ક્ષેત્રમાં જ આવેલી છે.દિલ્હી ક્ષેત્રની આઠ નકલી યુની.માં કર્મશીયલ યુની.યુનાઈટેડ નેશન્સ યુની.વોકેશનલ યુની. એડીઆર-શેટ્રીક જ્યુડીશિયલ યુની.ઈન્ડીયન ઈન્સ્ટી.ઓફ સાયંસ એન્ડ એન્જી.વિશ્કર્મા ઓપન યુની.આધ્યાત્મિક વિશ્વવિદ્યાલય અને વારાણસેયા સંસ્કૃત વિશ્વવિદ્યાલય સામેલ છે.

જ્યારે યુપીની નકલી યુની.માં નેસનલ યુની. ઓફ ઈલેક્ટ્રો. કોમ્પલેક્ષ હોમીયો.નેતાજી સુભાષચંદ્ર બોઝ યુની.ઉત્તરપ્રદેશ વિશ્વવિદ્યાલય, મહારાણા પ્રતાપ શિક્ષા નિકેતન વિશ્વ વિદ્યાલય,નોર્થ ઓરિસ્સા યુની.ઓફ એગ્રી. એન્ડ ટેકનો. પ.બંગાળમાં ઈન્ડીયન ઈન્સ્ટી. ઓફ અલ્ટરનેટીવ મેડીસીન એન્ડ રિસર્ચ, બિહારની મૈથીલી યુની. કર્ણાટકની બડાગનવી સરકાર વર્લ્ડ ઓપન યુની.એજ્યુકેશન સોસા.સેન્ટ જોન યુની.મહારાષ્ટ્રમાં રાજા અરૈબીક યુની. પંડુચેરીમાં શ્રી બોધ્ધિ એકેડમી ઓફ હાયર એજયુકેશન સામેલ છે.જાણ હોવા છતાં નકલી યુની.ઓ ચાલે છે.

# જે સર્વશ્રેષ્ઠ હોય એની જ પસંદગી થવી જોઇએ

જગતની દરેક વ્યક્તિને બીજા કરતાં શ્રેષ્ઠ બનવું છે. દરેક વ્યક્તિને શ્રેષ્ઠ વસ્તુની જ અપેક્ષા રહેતી હોય છે.આપણે ગુલાબના બગીચામાંથી પણ શ્રેષ્ઠ ફુલ શોધીને જ ચુંટીએ છીએ. આપણી જીવન જરુરીયાતની પણ વસ્તુઓ જે સારામાં સારી હોય તે પસંદ કરતાં હોઈએ છીએ. એનો અર્થ એ થાય છે કે, દરેકને જે શ્રેષ્ઠ છે એ જ ગમે છે.ધારો કે બધુ જ શ્રેષ્ઠ હોય તો એમાંથી જે સર્વશ્રેષ્ઠ હોય, એ મેળવવાનો પ્રયત્ન કરતાં હોઈએ છીએ. કોઈને ખરાબ થવું કે, ખરાબ વસ્તુ ક્યારેય ગમતી નથી.એમાંથી જ એક બીજો પ્રશ્ન પણ ઊભો થાય છે. જે શ્રેષ્ઠ છે, એ તો શ્રેષ્ઠ જ રહે છે. સોનું તો સોનું જ રહેશે, એ પિત્તળ બનેશે નહીં.સિંહ તો સિંહ જ રહેવાનો,એ કુતરો થઈ જશે નહી.આખરે, આપણે પણ સર્વશ્રેષ્ઠ આરાધના કરનારા લોકો છીએ.એવું જ થવું કરવું જોઈએ.જે સર્વશ્રેષ્ઠ હોય એની જ પસંદગી થવી જોઈએ. આપણે જાણીએ છીએ કે માણસ એક પ્રાણી છે,પણ એ બધા પ્રાણીઓમાં સર્વશ્રેષ્ઠ ગણાય છે.એનું કારણ એ જ છે કે માણસ બુધ્ધિજીવી પ્રાણી છે.શ્રેષ્ઠ હોવાની પરંપરા સતત ચાલતી જ રહે છે. બુધ્ધિશાળીઓમાં મનુષ્ય શ્રેષ્ઠ છે. એ બધામાં સર્વશ્રેષ્ઠ તો બ્રહ્મજ્ઞાની છે એવું પણ કહેવાયું છે.

સર્વશ્રેષ્ઠ - સર્વી -વિ(સં) બધું, સઘળું, સર્વશ્રેષ્ઠ -સર્વીમાં શ્રેષ્ઠ એવો અર્થ થાય છે. વિશ્વમાં સર્વશ્રેષ્ઠ ધન ક્યુ ? તો નીતિશતમાં આવે છે કે' વિદ્યાધન' એ સર્વશ્રેષ્ઠ ધન છે,અન્ય ધન તો આવે ને જાય, પણ વિદ્યાધનમાં ક્યારેય ઘટ આવતી નથી, એ વાપરો એ પ્રમાણે વધતું જ રહે છે.જે સમાજ સર્વશ્રેષ્ઠ વિદ્વાનોનો આદર સત્કાર કરતો નથી, એ નગુણો ગણાય છે. સત્તા કે પદ તો આજે છે,કાલે નહી હોય, પણ જે સર્વશ્રેષ્ઠ છે, એ માણસની વિદ્વતા છે. વિદ્વાનોનું કામ માર્ગ ચીંધવાનું છે. જે જ્ઞાની છે એ શ્રેષ્ઠ છે.જ્ઞાનીઓમાં પણ જે આચરણ કરનાર, તે સર્વશ્રેષ્ઠ છે.માણસની શ્રેષ્ઠ વૃત્તિ જ એને સર્વશ્રેષ્ઠ બનાવતી હોય છે.આપણી દાનત જ ખારા ટોપરા જેવી હોય તો સર્વશ્રેષ્ઠતા ક્યાંથી પ્રાપ્ત થવાની છે ?જે માત્ર ઉપદેશ આપે છે અને આચરણ કરતો નથી એનો સમાજ સ્વીકાર કરતો નથી.એ એની જાતને ભલે સર્વશ્રેષ્ઠ માનતો હોય, પણ એનો અસ્વીકાર જ થતો હોય છે.જે માણસ ઉપદેશ આપતો નથી, પણ પોતાના કાર્યમાં જ રચ્યોપચ્યો રહે છે. જે સાચા અર્થમાં જે માને છે એનું આચરણ કરે છે એ જ સર્વશ્રેષ્ઠ ગણાય છે.

ગુરુ એ આપણા માટે સર્વશ્રેષ્ઠ છે.એની બરાબરી કરી શકે એવું કોઈ જ નથી.જેની ઉંચાઈની તોલે કોઈ આવી શકે નહી.એ બધામાં સર્વશ્રેષ્ઠ કહેવાય.આપણે ત્યાં પણ જે ઉત્તમોત્તમ હોય એની જ પુજા થતી હોય છે.પણ જ્યારે શ્રેષ્ઠતાનું અપમાન થતુ હોય ત્યારે આપણે ને ભારોભાર દુઃખ થતુ હોય છે.શ્રેષ્ઠ વ્યક્તિની નીચ વ્યક્તિઓના ત્યાં કાર્યની નિયુક્તિ, સારા સારા અનુરાગના કાર્યોમાં આસક્તિ,દુર્જનો સાથેનો સહવાસ એ બધાનું ખુબજ દુઃખ થાય છે.જ્યાં શ્રેષ્ઠતાનું અપમાન થતું હોય, જ્યાં તે ધુળમાં રગદોળાતી હોય ત્યાં માણસને એનું દુઃખ થાય એ સહજ છે. સાચો માણસ તો એ છે કે જે બીજા માટે મરી ફીટે છે. બીજાના ભલા માટે જે પોતાના પ્રાણની આહુતિ આપે છે. એના પાળીયા પુજાય છે.બીજાનું પડાવી લેવાની દાનતવાળા ક્યારે શ્રેષ્ઠ કે સર્વશ્રેષ્ઠ બની શકતા નથી.સર્વશ્રેષ્ઠ વૃત્તિ જ માનવને માનવ બનાવે છે. કવિ સુંદરમે તો કહ્યું છે :' હું માનવી માનવ થાઈ તો ઘણું ' ભાઈ, તમારે જે બનવું હોય તે બનજો, પણ પ્રથમ માનવ તો બનો. તમો માનવ બનો એ જ તમારી સર્વશ્રેષ્ઠતા છે.

આપણને શ્રેષ્ઠ-અશ્રેષ્ઠના ભેદની પણ સમજ હોવી જોઈએ. ક્યારેક એવું બને કે , જે મારા માટે શ્રેષ્ઠ હોય એ બીજા માટે ન પણ હોય. હું જે જગતમાં સર્વશ્રેષ્ઠ માનતો હોઉ, એ બીજા માટે શક્ય ન બનતું હોય, પણ જે સૌને સ્વીકાર્ય હોય એ શ્રેષ્ઠતાની અહીં આપણે વાત કરીએ છીએ.શાંતિથી મોટો કોઈ ભાઈ નથી.સત્યથી આગળ કોઈ તપ નથી.મોક્ષથી વધીને કોઈ લોભ નથી.આ બધાંજ પોતપોતાના ક્ષેત્રમાં સર્વશ્રેષ્ઠ છે.એની તુલનામાં બીજું કશું જ આવી શકતું નથી.માણસને મનની શાંતિ હોય, જીવને કોઈ ઉચાટ ન હોય, એનાથી સર્વોત્તમ બીજું શું હોઈ શકે ?સત્યથી અધિક તપ ક્યું હોઈ શકે?અનેક પ્રકારના લોભ-લાલચો હોય છે એમાં મોક્ષના લોભની તોલે શું આવી શકે ?મુર્ખ માણસો પથ્થરના ટુકડારુપી હીરાને રત્નસંજ્ઞાથી ઓળખે છે. પથ્થરનો ટુકડો એ શ્રેષ્ઠ નથી. એ ખાઈ કે પી શકતો નથી.પણ ઉત્તમ વિચારો,ઉત્તમ જળ, અને ઉત્તમ અન્નથી જ માણસ જીવી શકે છે. જે જીવન આપીને ટકાવે છે એનાથી સર્વશ્રેષ્ઠ બીજુ શું હોઈ શકે ?નદીનું પાણી વહેતું હોય તો શ્રેષ્ઠ છે.એ જ રીતે આપણા જીવનનું પણ છે. સૌમાં શ્રેષ્ઠ શું હોઈ શકે ?સંસ્કૃતમાં કોઈએ કહ્યું છે કે ઉપકાર કરવો સૌથી મોટો ધર્મ છે.કર્મદક્ષતા સૌથી મોટો અર્થ છે.સુપાત્રને દાન કરવું એ સૌથી મોટી તૃપ્તિ છે. અને વૈરાગ્ય સૌથી મોટી મુક્તિ છે.આ બધીજ બાબતો સર્વશ્રેષ્ઠ છે.આપણા પર જે અપકાર કરે, એના પ્રત્યે પણ ઉપકારની ભાવના રાખવી એ સર્વશ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ગણાય છે. એ જ માણસ તરીકે આપણો સાચો ધર્મ છે.

માણસ કે સંસ્થાને ઓળખીને, સુપાત્ર છે કે કુપાત્ર છે,એનો ભેદ પારખીને દાન કરવામાં આવે તો એ યોગ્ય રીતે વપરાય છે.આ શ્રેષ્ઠતા જ માણસને ઉચ્ચ આસને બેસાડતી હોય છે.શ્રેષ્ઠ હોવું અને શ્રેષ્ઠ હોવાનો દંભ કરવો એ બે બાબતો અલગ છે.કોઈના માટે કંઈ કરીએ એમાં ભારોભાર નમ્રતા હોવી જોઈએ. જે માણસનો ડાબો હાથ દાન કરે, અને જમણાને ખબર ના પડે, એ સર્વશ્રેષ્ઠ કહેવાય.

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

---

સિંગાપોરમાં એક વાનર મલાયી ભાષાના લગભગ ત્રીસ શબ્દો જાણે છે.આ વાનરને મલાયી ભાષામાં જે ઝાડનું નામ કહો તે ઝાડનું ફળ તરતજ ભુલ વગર તોડી લાવે છે.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧
જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર
- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
કેર કોમ્પ્યુટર સેન્ટર
ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


## વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક
૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬


કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭
લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઓડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.